ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, **ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૨/૨૪-૨૫/ 448 તારીખ : 16 MAY 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૦૨/૨૪-૨૫

પ્રતિ,
**શ્રી શિયાળ અરજણભાઈ શંભુભાઈ,**
માટી ખાણ પ્લોટ વિસ્તાર,
ગામ-દયાળ, તા. મહુવા,
જી. ભાવનગર
મો.નં- ૯૩૧૬૩ ૬૩૬૨૭.

**વિષય : નવું હીરા ઉદ્યોગનું વીજ જોડાણ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૩/૦૪/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૨/૨૪-૨૫/૩૨૧ તા.૦૮/૦૪/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૨/૨૪-૨૫/૩૫૧ તા.૧૮/૦૪/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૫/૦૪/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય-૨.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૨/૨૪–૨૫** ☜

**વાદી** :– **શ્રી શિયાળ અરજણભાઈ શંભુભાઈ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૫/૦૪/૨૦૨૪** ◈

હાજર રહયા :– **શ્રી શિયાળ અરજણભાઈ શંભુભાઈ (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– (૧) શ્રી એચ. પી. દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(૨) શ્રી જી. એ. પટેલ, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, મહુવા ગ્રામ્ય–૨.
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી શિયાળ અરજણભાઈ શંભુભાઈ, મુ.બેલમપર, તા.મહુવા, જી.ભાવનગરની નવું હીરા ઉદ્યોગનું વીજ જોડાણ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૨/૨૪–૨૫ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૦૨/૨૪–૨૫/૩૨૧ તા.૦૮/૦૪/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. **૨૫/૦૪/૨૦૨૪** ના રોજ મહુવા મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી શિયાળ અરજણભાઈ શંભુભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે (૧) શ્રી એચ. પી. દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા (૨) શ્રી જી. એ. પટેલ, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, મહુવા ગ્રામ્ય–૨ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાનું ગામ–દયાળમાં માટી ખાણ પ્લોટ વિસ્તારમાં અમે હીરા ઉદ્યોગ માટે કારખાનું બનાવેલ છે. તેમાં વીજ કનેકશન મેળવવા માટે અરજી વીજ કચેરી મહુવા પીજીવીસીએલ રૂરલ–૨ કચેરીમાં જરૂરી આધાર પુરાવા જોડી રૂા.૪૭૨/– તા.૧૩/૧૨/૨૦૨૧ ના રોજ પહોંચ નં.૨૪૪૩૦૪ થી રજીસ્ટ્રેશન ચાર્જના નાણા ભરેલ છે. ત્યારબાદ રૂરલ–૨ માંથી કર્મચારી સર્વે કરવા આવેલ. કચેરી દવારા કવોટેશન મોકલાવેલ તે અમે તા.૨૭/૧૨/૨૦૨૧ ના રોજ ભરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ ત્યારબાદ વીજ કનેકશન લગાડવા કોઈ આવેલ નથી. તો જુ.એન્જીનીયર સાહેબે જણાવેલ તમારી જગ્યા ગામતળની બહાર હોય તેમ લાગે છે. મે જણાવેલ કે ગામના તલાટી મંત્રીએ ગામતળમાં છે, તેનો દાખલો આપેલ છે.

૧.૩ તમે કયા આધરો જણાવો છો કે ગામતળમાં નથી. સરકારી રેકોર્ડ ગ્રામ પંચાયત કચેરીમાં હોય છે તેના આધારે દાખલા આપવામાં આવે છે. તમારી કચેરીનો આધાર ખોટો ચાલે નહી. નજીકમાં હીરા ઉદ્યોગના વીજ કનેકશન આપેલ છે. ગામની ચારો તરફ ખેતીવાડી ગામતળમાં છે. તો નજીકમાં ખેતીવાડી જોઈને અંદાજ લગાડાય નહી તો સાહેબે જણાવેલ કે ચતુરસીમાનો દાખલો આપો. તેથી મે ચતુરસીમાનો દાખલો આપેલ છે.

૧.૪ કચેરીના કર્મચારીએ સર્વે કરેલ ત્યારબાદ કવોટેશન કચેરીમાંથી આવેલ તે નાણા મે ભરેલ છે. પાછળથી આવા ખોટા વાંધા કાઢી વીજ કનેકશન અટકાવેલ તે વ્યાજબી નથી. તો આપ સાહેબ અમારી ફરીયાદનો અભ્યાસ કરી વીજ કનેકશન લગાડવા હુકમ કરવા વિનંતી છે. બેદરકાર જુ.એ. કર્મચારી ઉપર પગલા લેવા વિનંતી છે. કંપની ધંધો કરવા બેઠી છે.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારનું નામ–શ્રી શિયાળ અરજણભાઈ શંભુભાઈ. અરજદાર દવારા મોટી ખાણ પ્લોટ વિસ્તાર, ગામ–દયાળ, તા.મહુવા, જી.ભાવનગર સ્થળે હીરા ઉદ્યોગ માટે કારખાનું બનાવેલ છે.

૨.૨ વાદી દવારા સદર સ્થળ પર વીજ કનેકશન મેળવવા માટે મહુવા રૂરલ ૨ પેટા વિભાગીય કચેરી ખાતે જરૂરી આધાર પુરાવા જોડી તા.૧૩/૧૨/૨૧ ના રોજ રૂા.૪૭૨/– પહોંચ નં.૨૪૪૩૦૪ થી રજીસ્ટ્રેશન કરાવેલ.

૨.૩ ત્યારબાદ મહુવા રૂરલ ૨ પેટા વિભાગીય કચેરી માંથી કર્મચારી સર્વે કરવા ગયેલ. પેટા વિભાગીય કચેરી દવારા કવોટેશન મોકલાવેલ જે વાદી દવારા તા.૨૭/૧૨/૨૧ ના રૂા.૧૨૦૦૦/– સર્વિસ કનેકશનના તથા રૂા.૫૬૩૪/– ડીપોઝીટના એમ.આર. નં.૨૪૭૬૬૭–૬૮ થી ભરપાઈ કરેલ છે.

૨.૪ જુનીયર ઈજનેરશ્રી જે.એચ.ચુડાસમા દવારા સદર સ્થળની રી–સર્વેક્ષણ કરતા સદર જગ્યા ગામતળની બહાર ખેતીવાડી વિસ્તારમાં આવેલ છે.

૨.૫ વાદી દવારા ગામતળના ઘરના આધાર પુરાવા રજુ કરી, ખેતીવાડી વિસ્તારમાં સદર કનેકશનની માંગણી કરેલ હતી. જે અંગે મહુવા રૂરલ ૨ પેટા વિભાગીય કચેરી દવારા સદર જગ્યામાં કનેકશનની જરૂરીયાત હોય, તો સદર ખેતીવાડી જગ્યાના જરૂરી આધાર પુરવા દિન–૭ માં રજુ કરવા પત્ર નં.તા.MHV/R2/TECH/799 ૨૫/૦૨/૨૨થી વાદીને જાણ કરેલ હતી.

૨.૬ વાદી દવારા સદર ખેતીવાડી જગ્યાના આધાર પુરાવા રજુ ન કરતાં જે તે સમયે વાદીની અરજી પેડ કેન્સલ કરી દફતરે કરેલ છે.

૨.૭ વધુમાં સદર સ્થળનું પેટા વિભાગીય કચેરી મહુવા રૂરલ ૨ ના નાયબ ઈજનેરશ્રી દવારા તા.૧૫/૦૪/૨૪ ના રોજકામ કરેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે. સદર રોજકામ મુજબ સદર જગ્યા ગામતળની બહાર ખેતીવાડી વિસ્તારમાં જણાયેલ છે અને વાદી સ્થળ પર હાજર ન હતાં.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

સ્થળ પર હાજર વ્યકિત દવારા જણાવેલ કે રોડ બાજુ આવેલ મકાનો સરકારી પડતર જગ્યામાં બનાવેલ છે. સદર જગ્યા કોઈની માલીકીની નથી. સદર જગ્યાના મકાનો ખેતીવાડી વિસ્તારમાં (સરકારી પડતર) જગ્યામાં આવેલા છે.

૨.૮ મહુવા રૂરલ ૨ પેટા વિભાગીય કચેરી દવારા વાદીને સદર કનેકશનના ભરેલ નાણા પરત લેવા માટે તા.૧૬/૦૪/૨૪ ના રોજ પત્ર લખી જાણ કરેલ છે. વાદી દવારા સદર ખેતીવાડી જગ્યાના આધાર પુરવા રજુ કર્યેથી વીજ કનેકશન આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી શિયાળ અરજણભાઈ શંભુભાઈ, ગામ–દયાળ, તા. મહુવા દવારા તેમને પ્રતિવાદી પીજીવીસીએલ દવારા નવું ઈન્ડસ્ટ્રીયલ કનેકશન ન આપવાની બાબતે તકરાર થતા ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગેની રૂબરૂ સુનાવણી આજરોજ તા.૨૫/૦૪/૨૦૨૪ ના રોજ રાખવામાં આવેલ છે, જેમાં વાદી અને પ્રતિવાદી હાજર રહયા છે અને રજુઆતો કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની વિગત મુજબ વાદી દવારા હીરા ઉદ્યોગના હેતુસર નવા માંગેલ વીજકનેકશન ગામ–દયાળ ખાતે મેળવવા તા.૧૩/૧૨/૨૦૨૧ ના રોજ જરૂરી ચાર્જ ભરી, અરજી કરેલ અને ત્યારબાદ પ્રતિવાદી દવારા આપવામાં આવેલ અંદાજપત્ર પણ તા.૨૭/૧૨/૨૦૨૧ ના રોજ ભરપાઈ કરી આપવામાં આવેલ. પરંતુ ત્યારબાદ પ્રતિવાદી દવારા તેમના પત્ર નં.૭૯૯ તા.૨૫/૦૨/૨૦૨૩ દવારા વાદીની વીજ કનેકશનની માંગણી વાળી જગ્યા ગામ બહાર ખેતીવાડી વિસ્તારમાં હોય, જરૂરી આધાર પુરવા રજુ કરવા જણાવી, કનેકશન આપવાની કાર્યવાહી કરેલ નથી.

૩.૪ રજુ થયેલ રેકર્ડ, રજુઆતો ને ઘ્યાને લેતા ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે પ્રતિવાદી પીજીવીસીએલની ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨ દવારા સ્થળ અંગેની તથા જગ્યાના માલીકી અંગેની જરૂરી ચકાસણી કર્યા વગર જ વાદીને અંદાજપત્ર પાઠવેલ છે.

૩.૫ વાદી દવારા પ્રતિવાદીને જગ્યા અંગેના આધારભુત દસ્તાવેજો રજુ કરવામાં આવેલ નથી. આજરોજ ની રૂબરૂ સુનાવણીમાં પણ વાદીએ જગ્યા અંગેના દસ્તાવેજો રજુ કરી શકેલ નથી. પ્રતિવાદી દવારા કરવામા આવેલ તા.૧૫/૦૪/૨૦૨૪ ના રોજકામ મુજબ સદરહુ જગ્યા સરકારી પડતર જમીન છે. એટલે કે અરજદારની માલિકીની નથી. આથી પ્રતિવાદી દવારા પત્ર નં.૯૭૧ તા.૧૬/૦૪/૨૦૨૪ થી વાદીને ભરેલ રકમ પરત મેળવવા જણાવેલ છે. આ સંજોગોમાં પ્રતિવાદી પીજીવીસીએલ દવારા કરવામાં આવેલ કાર્યવાહી યોગ્ય જણાય છે.

૩.૬ ઉપરોકત તારણોને ઘ્યાને લેતાં આથી હુકમ કરવામાં આવે છે કે, વાદીની અરજી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. પ્રતિવાદી પીજીવીસીએલએ, વાદીએ અંદાજપત્રનાં ભરેલ પૈસા પરત કરવા.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(..............)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૫/૦૪/૨૦૨૪.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar